**ફોજદારી કેસ નં. ૧૩૭૮૯/૦૯**

**<u>-: આંક- ૧ લગત હુકમ :-</u>**

હાલની ફરીયાદ ફરીયાદીએ ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ- ૧૩૮ અન્વયે દાખલ કરેલ છે. હાલની ફરીયાદ દાખલ કર્યા બાદ મારા પુરોગામી જજશ્રીએ આંક-૧ લગત હુકમ કરી કામ ફેસલ કરેલ. મારા પુરોગામી જજશ્રીએ નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા દશરથ રૂપસિહ રાઠોડ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદાને માન આપી હાલની ફરયાદ જયાં આરોપી રહેતા હોય તે કાર્યક્ષેત્રની હકુમત ધરાવતી કોર્ટમા ફરીયાદ પરત આપવાનો હુકમ કરેલો જે હુકમના આધારે હાલનું કામ ફેસલ થઈ ગયેલુ.

ત્યારબાદ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં સુધારો આવતા પાછલી અસરથી તેને લાગુ કરેલ અને તે મુજબ જે ફરીયાદ આરોપી જયાં રહેતા હોય તે કાર્યક્ષેત્રમા ગયેલી હોય તે મુળ કાર્યક્ષેત્ર ધરાવતી હકુમત ધરાવતી કોર્ટમાં પરત લાવવાની રહેશે તેવો સુધારો પાછલી અસરથી આવેલો.

હાલના કામે ફરીયાદી આંક-૧ નીચે હુકમ થયા બાદ ફરીયાદ એક માસમાં પરત લઈ ગયેલ નહી. ફરીયાદીએ આ હુકમ સામે કોઈ અપીલ પણ કરેલ નહી. ફરીયાદીએ આ ફરીયાદ ચલાવવા સારૂ સને-૨૦૧૪ થી કોઈ પ્રયત્નો કરેલ નહી. ત્યારબાદ, નામદાર મુખ્ય જીલ્લા ન્યાયાધિશ રાજકોટના કચેરી આદેશ નં. એ/૭૬૪૫/૧૮, તા.૨૦/૧૨/૧૮ અન્વયે હાલનો કેસ ફરી જુના નંબરથી રજીસ્ટરમાં તથા કોમ્પ્યુટરમાં દાખલ લઈ સ્પેશ્યલ નેગોશીયેબલ કોર્ટમાં કાયદેસની ન્યાયીક કાર્યવાહી અર્થે મોકલી આપવાનો હુકમ કરવામા આવેલ. આમ, જીલ્લા ન્યાયાધીશનો કચેરી આદેશ તથા હાલની ફરીયાદ ફરીથી બોર્ડ ઉપર આવેલ છે. સદર કામ બોર્ડ ઉપર આવ્યા બાદ તથા કોમ્પ્યુટરમાં તેની એન્ટ્રી પડયા બાદ મુદતો પડેલ છે જેમા ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી ફરીયાદ ચલાવવા સારૂ હાજર રહેલ નથી. આમ, ફરીયાદીને પોતાની ફરીયાદ ચલાવવા સારૂ યોગ્ય અને ન્યાયીક તક આપેલ છે. આમ પુરતી અને ન્યાયીક તક આપવા છતા ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી હાજર ન હોવાથી તેમના કસુરના કારણે હાલનું કામ આજરોજ લોક અદાલતમા ફેસલ કરવુ ન્યાયોચીત જણાય છે. આમ, જયારે ફરીયાદીને પોતાનો કેસ ચલાવવામાં કોઈ રસ ન હોય ત્યારે ફકત મુદતો પાડી કામ સાચવી રાખવુ યોગ્ય જણાતુ નથી. કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે કાયદો જાગતા લોકોને રક્ષણ આપે છે જે લોકોને પોતાનુ કામ ચલાવવું જ ન હોય તો તે કામ સાચવી રાખવાથી કોઈ અર્થ રહેતો નથી જેથી નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચીત જણાય છે.

**- : હુકમ :-**

હાલની ફરીયાદ સી.આર.પી.સી.ની કલમ-૨૫૬ અન્વયે રદ કરવાનો હુકમ કરવામા આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામા આવતો નથી.

આ હુકમ આજરોજ તા.૧૩-૦૭-૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ
તા. ૧૩/૦૭/૨૦૧૯

**(ઘનશ્યામ દીલીપભાઈ પડીયા)**
**દસમાં એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,**
**રાજકોટ.**
**( UIC-GJ01072 )**